GAME GLOBAL ALLIANCE FOR Mass Entrepreneurship

# ગ્લોબલ એલાયન્સ ફોર માસ એન્ટરપ્રેન્યોરશિપ (ગેમ) દ્વારા મહારાષ્ટ્રમાં મહિલા વેપાર સાહસિકો માટે વિધિસર ફાઈનાન્સને પહોંચ આપવા માટે કાર્યક્રમ રજૂ કરાયો

***3 રાજ્યના 15 જિલ્લામાં વિધિસર ધિરાણને પહોંચ સાથે 10,000થી વધુ મહિલા વેપાર સાહસિકોને ટેકો આપશે***

**મહારાષ્ટ્ર, 8 ફેબ્રુઆરી, 2023: ગ્લોબલ એલાયન્સ ફોર માસ એન્ટરપ્રેન્યોરશિપ (ગેમ) દ્વારા** મહિલા વેપાર સાહસિકો (ડબ્લ્યુઇ)ને ફાઈનાન્સને પહોંચ આપવા અને તેમના ઉદ્યોગોને મજબૂત બનાવવા માટે તેમની ક્ષમતા નિર્માણ કરવા પોતાનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો છે. ઓક્ટોબર 2022માં ગેમ દ્વારા 3 રાજ્યના 15 જિલ્લાઓમાં ધિરાણને પહોંચ સાથે 10,000થી વધુ મહિલા વેપાર સાહસિકોને ટેકો આપવા મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન મળીને 3 રાજ્યમાં વુમન એન્ટરપ્રેન્યોર એમ્પાવરમેન્ટ પ્રોગ્રામ લોન્ચ કરવા માટે એનઆરએલએમ સાથે સમજૂતી કરાર પર વિધિસર રીતે સહીસિક્કા કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને આરંભમાં વિત્ત સખીઓ નામે મોજૂદ ફિલ્ડ કેડર્સને તાલીમ આપીને ક્ષમતા નિર્માણ અને દ્રઢીકરણ થકી નેશનલ રુરલ લાઈવ્લીહૂડ મિશન (એનઆરએલએમ) અને સ્ટેટ રુરલ લાઈવ્લીહૂડ મિશન (એસઆરએલએમ)ને મજબૂત કરીને ટેકો અપાશે. કાર્યક્રમ મોજૂદ એનઆરએલએમ (નેશનલ રુરલ લાઈવ્લીહૂડ મિશન) ટ્રેનિંગ પ્રોટોકોલને પૂરક પણ બની રહેશે અને તેનો 3000 વિત્ત સખીઓને તાલીમબદ્ધ કરવા માટે ઉપયોગ કરાશે, જેઓ મહિલા એસએચજી સભ્યોમાં સુચારુ વેપાર ઉદ્યોગો હાથમાં લેવા તેમની સંભવિત વેપાર સાહસિકતાને ટેકો આપશે.

તાલીમબદ્ધ વિત્ત સખીઓ ઓળખવામાં આવેલી મહિલા વેપાર સાહસિકોની એનઆરએલએમ અને એસઆરએલએમ (સ્ટેટ રુરલ લાઈવ્લીહૂડ મિશન)ની અભિમુખતા અને પાત્રતાની સમીક્ષા કરશે. તેઓ તેમના ઉદ્યોગો વિધિસર થાય અને સંરક્ષિત નાણાકીય કડીઓ ધરાવવા માટે વેપાર યોજનાઓ વિકસાવવા મેન્ટર અને મદદ પણ કરશે. આ કાર્યક્રમ ગ્રામીણ વિસ્તારોમાં ઓળખવામાં આવેલી મહિલા વેપાર સાહસિકો માટે વિધિસર ધિરાણોનાં દ્વાર ખોલવા માટે જાહેર ક્ષેત્રની બેન્કો અને પ્રાદેશિક ગ્રામીણ બેન્કો જેવી નાણાકીય સંસ્થાઓ માટે વ્યાપક ઓનબોર્ડિંગ પ્રક્રિયા સ્થાપિત કરવા માટે પણ મદદરૂપ થશે.

ગેમ દ્વારા 3 રાજ્યમાં આ કાર્યક્રમ શરૂ કરવા હકદર્શક સાથે જોડાણ પણ કરવામાં આવ્યું છે. આ એક વર્ષ માટે જોડાણ છે અને તેનું લક્ષ્ય વિધિસર ધિરાણ સાથે 10,000 મહિલા વેપાર સાહસિકોને જોડવાનું છે.

ગેમના સહ- સ્થાપક મદન પદકી કહે છે, *"અમારો ધ્યેય શ્રેણીબદ્ધ કેન્દ્રિત મધ્યસ્થીઓ અને ઈકોસિસ્ટમ આધાર થકી ખાસ કરીને મહિલાઓ પર કેન્દ્રિત સામૂહિક વેપાર સાહસિકતા ચળવળ નિર્માણ કરવાનો છે. ત્રણ રાજ્યમાં એનઆરએલએમ સાથે અમારા સમજૂતી કરાર મહત્તમ વૃદ્ધિની સંભાવના સાકાર કરવામાં સહાય કરીને અને ફાઈનાન્સિંગને પહોંચ આપીને સમસ્યાઓને પહોંચી વળીને મહિલાઓને ટેકો આપવા સ્થાનિક ઈકોસિસ્ટમ નિર્માણ કરવા માગે છે. આ પહેલ સાથે અમે એવું મોડેલ નિર્માણ કરવા માગીએ છીએ, જે દેશભરમાં ઉપયોગ કરી શકાશે, જ્યારે અમારા બધા ભાગીદારો સાથે ઝડપથી શીખવા પણ મળશે."*

**ડીએવાય- એનઆરએલએમના જોઈન્ટ સેક્રેટરી (આરએલ) નિતા કેજરેવાલે જણાવ્યું હતું કે,** *"વેપાર સાહસિકતાના માર્ગ પર વધુ મહિલાઓને પ્રેરિત અને પ્રોત્સાહિત કરવા માટે વિધિસર લોન પ્રાપ્ત કરવા અને તેમના વેપારોને મજબૂત બનાવવા માટે મહિલા વેપાર સાહસિકો (ડબ્લ્યુઈ)ની ક્ષમતાને સુધારવાનું આવશ્યક છે. ગેમ સાથે ભાગીદારીમાં અમારી એન્ટરપ્રાઈઝ ફાઈનાન્સ પહેલ થકી અમે વિધિસર ફાઈનાન્સિંગ સાથે 10,000 મહિલા વેપાર સાહસિકોને સહાય કરીશું, વિધિસર ધિરાણ માટે કઈ રીતે અરજી કરવી તે તેમને બતાવીશું, વિવિધ સરકારી કાર્યક્રમોનો લાભ કઈ રીતે લેવો તે બતાવીશું અને તેમને તેમના વેપારો વિસ્તારવા માટે ડિજિટલ ટૂલ્સ અપનાવવા સમજાવીશું. અમને આશા છે કે વધુ મહિલાઓને તેમના પોતાના વેપાર શરૂ કરવા માટે પ્રોત્સાહન આપીશું, આ ક્ષેત્રમાં રહેલી મહિલાઓને ટેકો આપીશું અને મહિલા વેપાર સાહસિકો માટે વધુ વિશાળ ઈકોસિસ્ટમ બનાવવા માટે ભાર આપીશું."*

**ગ્લોબલ એલાયન્સ ફોર માસ એન્ટરપ્રેન્યોરશિપ (ગેમ) વિશેઃ**

ગેમનો ધ્યેય મોજૂદ અને નવા ઉધોગોની વૃદ્ધિ માટે ભારતવ્યાપી વેપાર સાહસિકતા ચળવળ અને તરફેણકારી સ્થિતિઓનો લાભ લઈને 2030 સુધી 50 મિલિયનથી વધુ નવી નોકરીઓ નિર્માણ કરવાનો છે. અમે નવા વેપારોમાં મહિલાની માલિકીની ટકાવારી નોંધપાત્ર હોય તેની ખાતરી રાખવાનું લક્ષ્ય રાખ્યું છે. અમને આશા છે કે આવા જ પડકારોનો સામનો કરતા દુનિયાના અન્ય ભાગોમાં આવી જ ચળવળ પ્રેરિત કરીશું અને ટેકો આપીશું. ગેમ જુનિયર અચિવમેન્ટ ઈન્ડિયા સર્વિસીસ હેઠળ પ્રોજેક્ટ તરીકે બિન-નફાની પ્રવૃત્તિ છે. વધુ માહિતી માટે વિઝિટ કરોઃ https://massentrepreneurship.org/